# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-10-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

**************************************************

1) રાજ્યના 28 જિલ્લામાં આજે નવા 101 શ્રમિક અન્નપૂર્ણા યોજના કેન્દ્રનો પ્રારંભ.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસે – **અમદાવાદમાં પ્રેરણાતીર્થ દેરાસર અને પાલડીમાં શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે દર્શન કર્યા.**

3) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સુરતમાં 108 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત.

4) સૂચિબદ્ધ કંપનીઓના શેરમાં કથિત હેરાફેરી મામલે અમદાવાદ, ગાંધીનગર, સુરત અને ભાવનગરમાં EDના દરોડા.

5) અમદાવાદમાંથી બે હજાર લિટર શંકાસ્પદ ભેળસેળયુક્ત ટામેચા-ચટણી જેવા ઉત્પાદન જપ્ત.

6) જાપાનમાં આયોજિત પેરા એશિયન ગેમ્સમાં કુવૈતનાં ખેલાડી અલરાશીદી અહાદ સામે મહેસાણાનાં ખેલાડી ભાવિના પટેલનો 3-0થી વિજય.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SHRAMIK ANNAPURNA YOJANA CENTRE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજે રાજ્યના 28 જિલ્લામાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાના 101 નવા કેન્દ્રનું ઈ-લોકાર્પણ કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ અમદાવાદના ચાણક્યપુરી બ્રિજના અન્નપૂર્ણા કેન્દ્ર ખાતે શ્રમિકોને ભોજન પીરસીને તેમની સાથે સંવાદ કર્યો. આ સાથે જ હવે રાજ્યના તમામ 34 જિલ્લામાં કુલ 394 કેન્દ્ર પરથી શ્રમિકોને પૌષ્ટિક ભોજનનો લાભ મળશે.

## (VOICE CAST : PRAVESH ADIACHA)

*(આદિજાતિ વિકાસમંત્રી નરેશ પટેલે તાપીમાં વાલોડ તાલુકાના બહારી ચાર રસ્તા ખાતે, શિક્ષણ રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતે સોનાગઢમાં ઓટા ચોકડી ખાતે, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક વિજય પટેલે ડાંગના આહવામાં દત્તનગર ખાતે, શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ કચ્છના અંજારમાં દેવળિયા નાકા ખાતે અને ગાંધીધામનાં ધારાસભ્ય માલતી મહેશ્વરીએ સુંદરપુરી પાણીની ટાંકી પાસેના કડિયાનાકા ખાતે તેમજ સાંસદ હરિભાઈ પટેલ અને ધારાસભ્ય રાજેન્દ્ર કુમાર ચાવડાએ મહેસાણાના જોટાણા તાલુકામાં નવા બસ સ્ટેશન સામે પ્રાથમિક શાળા પાસે શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રનું લોકાર્પણ કર્યું. ઉપરાંત સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં લક્ષ્મીપુરા ચોકડી પર શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને તલોદ તાલુકામાં ટી. આર. ચોકડી ખાતે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની ઉપસ્થિતિમાં આ કેન્દ્ર શરૂ કરાયું. પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# CM PATEL DHOLERA SIR SAMIKSHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ધોલેરા S.I.R. વિશેષ રોકાણ ક્ષેત્ર અને લોથલમાં નિર્માણાધીન રાષ્ટ્રીય દરિયાઈ ધરોહર સંકુલની પ્રગતિ હેઠળની કામગીરીની સમીક્ષા કરી. તેમણે ધોલેરામાં તાતા ઇલેક્ટ્રોનિક્સ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશ ફેસેલિટીની મુલાકાત લીધી. ધોલેરા S.I.R ખાતે એક્ટિવેશન એરિયામાં તૈયાર થઈ રહેલી 200 પથારી ધરાવતી મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલ, સંકલિત શાળા, અગ્નિશમન દળની કચેરી, 42 રૂમનું અદ્યતન અતિથિગૃહ, 600 લોકોની ક્ષમતા ધરાવતી ફૂડકોર્ટ, 50 ટેન્ટ ધરાવતી ટેન્ટ સિટી, હૉટેલ તેમજ રહેણાંક અને વ્યાપારી પરિયોજના જેવી વિવિધ સામાજિક માળખાકીય સુવિધાઓના નિર્માણની કામગીરી નિહાળી.

ઉલ્લેખનીય છે કે, દેશના પહેલા ‘સેમિકોન સિટી’ તરીકે પ્રસ્થાપિત થઈ રહેલા ધોલેરામાં સામાજિક અને ઔદ્યોગિક માળખાકીય સુવિધાનો વ્યાપક વિકાસ અને સુદ્રઢ વ્યવસ્થાપ તંત્ર તૈયાર થશે.

# HM AMIT SHAH STATE VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસ દરમિયાન અમદાવાદમાં સેટેલાઈટ વિસ્તારના પ્રેરણાતીર્થ દેરાસર ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય નરરત્ન સૂરિશ્વરજી મહારાજ સાહેબના દર્શન કર્યા. ત્યારબાદ તેમણે પાલડીમાં શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય ઉદયપ્રભ સૂરિશ્વરજી મહારાજ સાહેબના પણ દર્શન કર્યા. હવે શ્રી શાહ ગાંધીનગરના રૂપાલમાં શ્રી વરદાયિની માતા મંદિરમાં દર્શન-પૂજન કરશે. તેમજ ભગવાન શિવજીની 81 ફૂટ ઉંચી પ્રતિમાનું ખાતમુહૂર્ત કરશે.

ત્યારબાદ તેઓ માણસા ખાતે બહુચર માતાજીનાં મંદિરમાં આરતીમાં સહભાગી થશે. શ્રી શાહ કોલવડામાં શ્રી રામજી મંદિર ખાતે નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.

# DyCM SURAT LOKARPAN

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં 108 કરોડ રૂપિયાના ખર્ચે જિલ્લા પંચાયતના 143 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે ગ્રામ્ય શાળાઓ માટે ડિજિટલ ક્લાસરૂમ્સ ઓન વ્હીલ પહેલ હેઠળ જિલ્લા પંચાયત અને ખાનગી કંપની દ્વારા ઇ-કક્ષા બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. જિલ્લાના પાંચ ઘટકમાં દર મહિને 10થી 15 સરકારી શાળાના વિદ્યાર્થીઓને ઇ-કક્ષા બસ હેઠળ કમ્પ્યૂટર તાલીમ માટે આવરી લેવાશે.

આ સાથે શ્રી સંઘવીએ 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના' અને 'સુવિધાપથ' હેઠળ 61 જેટલા માર્ગ અને સી. સી. રોડના મજબૂતીકરણના કામનો પણ પ્રારંભ કરાવ્યો.

# ED RAID IN GUJARAT

પ્રવર્તન નિદેશાલય – ED દ્વારા સૂચિબદ્ધ કંપનીઓના શેરમાં કથિત હેરાફેરી મામલે આજે અમદાવાદ, ગાંધીનગર, સુરત, ભાવનગર સહિત દેશના છ શહેરમાં 29 જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા. કંપનીના શેર ખરીદવા સોશિયલ મીડિયાના માધ્યમથી રોકાણકારોને ખરીદીના સંદેશ મોકલાયા હતા. ત્યારબાદ બંને કંપનીના શેરની કિંમતોમાં ઘટાડો થતા એક લાખથી વધુ રોકાણકારોને નુકસાન થયું હતું.

કાર્યવાહી દરમિયાન EDએ લેણદેણના હિસાબ, ડિજિટલ ઉપકરણ અને દસ્તાવેજો જપ્ત કર્યા. સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને શેર ખરીદવાની સલાહ અપાતી હતી. આ માટે હરિયાણા અને મુંબઈમાં અન્ય લોકોના નામે લેવાયેલા સિમકાર્ડનો ઉપયોગ કરાતો હતો. જોકે, સોશિયલ મીડિયાના જૂથનું સંચાલન ભાવનગરથી થતું હોવાનું ખૂલ્યું છે.

# AMD SIR PROG

ભારતીય નિર્વાચન આયોગે ગુજરાત સહિત 17 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આગામી પહેલી જાન્યુઆરી 2027ને લાયકાત તારીખ ગણીને ફોટો ઇલેક્ટોરલ રોલની ખાસ સંક્ષિપ્ત સુધારણા – SSR હાથ ધરવાની સૂચના આપી છે. તે મુજબ, આગામી પહેલી જાન્યુઆરીએ 18 વર્ષ પૂર્ણ કરનારા તમામ યુવા મતદારો ઉપરાંત ત્રણ આગામી લાયકાત તારીખ એટલે કે, પહેલી એપ્રિલ, પહેલી જુલાઈ અને પહેલી ઑક્ટોબર 2027ના રોજ લાયક થતા ભાવિ મતદારો પાસેથી પણ એડવાન્સમાં ફોર્મ-સિક્સ મેળવવામાં આવશે.

SSR-2027ના કાર્યક્રમ મુજબ, આગામી બીજી નવેમ્બર સુધીમાં મતદાનમથકોનું પુનઃર્ગઠન કરાશે. ત્યારબાદ 12 નવેમ્બરે સંકલિત મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ કરાશે. તો, 12 નવેમ્બરથી 11 ડિસેમ્બર સુધી દાવા અને વાંધા દાખલ કરી શકાશે. જ્યારે તેનો નિકાલ 27 ડિસેમ્બર સુધીમાં કરાશે. આખરી મતદારાયાદી ચાર જાન્યુઆરી 2027ના રોજ કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMP ANNOUNCEMENT

હવે પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત સાંભળીએ..

**(VOICE CAST: IMP ANNOUNCEMENT)**

# NAVRATRI SIXTH DAY

નવરાત્રિના છઠ્ઠા દિવસે આજે માઁ દુર્ગાનાં છઠ્ઠા સ્વરૂપ માઁ કાત્યાયનીની આરાધના કરવામાં આવી રહી છે. માઁ કાત્યાયનીની ચાર ભૂજાઓ છે. તેમનાં એક હાથમાં તલવાર, બીજામાં કમળનું ફૂલ અને અન્ય બે હાથ વરદા અને અભય મુદ્રામાં છે. કાત્યાયની માઁ-નું વાહન સિંહ છે. માન્યતાઓ મુજબ, મહર્ષિ કાત્યાયનની કઠોર તપસ્યાથી પ્રસન્ન થઈ આદિશક્તિએ તેમને ત્યાં પુત્રી તરીકે જન્મ લીધો હતો. એટલે તેમને કાત્યાયની કહેવામાં આવે છે. ભક્ત મુખ્ય રીતે ઝડપી લગ્ન, વૈવાહિક અચડણોને દૂર કરવા અને ઈચ્છિત પતિની પ્રાપ્તિ માટે દેવી કાત્યાયનીની પૂજા કરે છે.

# AMD FAKE TOMATO SEIZED

અમદાવાદમાં મહાનગરપાલિકા દ્વારા બે હજાર લિટર શંકાસ્પદ ભેળસેળયુક્ત ટામેટા-ચટણી જેવા ઉત્પાદનને જપ્ત કરાયું. આ અંગે મહાપાલિકાના નિયુક્ત ખાદ્ય અધિકારી ડૉ. તેજસ શાહે કહ્યું, ખાદ્ય સુરક્ષાના કથિત ઉલ્લંઘન બદલ આ ઉત્પાદન એકમને સીલ કરાયું. તેમજ તેનો પરવાનો પણ રદ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ.

**(BYTE: DR. TEJAS SHAH, DESIGNATED FOOD OFFICER)**

(*वहां पे जो इसने इंग्रीडिएंट अपने जो लेबल में लिखे हुए थे वो कोई चीजें उसके यहां से मिली नहीं तो खाली लिखने के लिए इंग्रीडिएंट लिखता है बेसिकली ये खिलवाड़ है कि टोमेटो सॉस की तरह दिखता है तो ये है नहीं टोमेटो सॉस इसका जो प्रोडक्शन जो पूरा माल था रॉ मटेरियल के साथ 2000 लीटर का उसको सीज किया गया है यूनिट को सील किया गया है और लाइसेंस सस्पेंशन की भी कार्यवाही आगे की जाएगी जैसे वो भविष्य में ये यूनिट चला ना सके।*

# SRT UDHNA EXTRA TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા સુરતના ઉધના રેલવેમથક પર 15 હજાર લોકોની ક્ષમતા ધરાવતું મુસાફર સુવિધા કેન્દ્ર તૈયાર કરાશે. દિવાળી અને છઠપૂજાના તહેવાર નિમિત્તે એક હજાર 800થી વધુ વિશેષ ટ્રેનના ફેરા કરાશે. સાથે જ રેલવેમથક પર સીસીટીવી દેખરેખ અને ભીડ વ્યવસ્થાપનના પગલા સહિતની વિશેષ વ્યવસ્થા કરાશે તેમ પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું.

**(BYTE: VINIT ABHISHEK, CHIEF PRO, WESTERN RAILWAY)**

*(यात्रियों की डिमांड को ध्यान में रख के हम हॉलिडे स्पेशल एक्स्ट्रा ट्रेंस भी चलाते हैं और अभी तक पूरे पश्चिम रेलवे से 1800 से ज्यादा ट्रिप्स हमने ऑलरेडी नोटिफाई कर दिए हैं जिसमें अगर केवल सूरत और उधना की बात करें तो 250 से ज्यादा ट्रिप्स हमने ऑलरेडी नोटिफाई कर दिए हैं फ्रॉम सूरत उधना टू बिहार, यूपी, झारखंड और ईस्टर्न पार्ट ऑफ इंडिया जहां से ज्यादा से ज्यादा लोग जो हैं जिनकी डिमांड रहती है यहां से जाने के लिए। इसके साथ ही प्लेटफॉर्म और स्टेशन एरिया में भीड़ की किसी भी प्रकार की स्थिति उत्पन्न ना हो इसके लिए हमने यात्री सुविधा केंद्र बनाए हैं।)*

# MRB RAILWAY FATAK

મોરબીમાં હળવદના વેગડવાવ રેલવે ફાટક પર 76 કરોડ રૂપિયાના ખર્ચે બ્રિજ પરિયોજનાનું ખાતમુહૂર્ત કરાયું. આ બ્રિજ બનતા 25 ગામના લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી રાહત મળશે. આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ ચંદુભાઈ શિહોરાએ વધુ માહિતી આપી.

(BYTE: CHANDUBHAI SHIHORA, MP, SURENDRANAGAR)

*(અંડરબ્રિજ અને ઓવરબ્રિજના કારણે લોકોને હોસ્પિટલ પહોંચવાની જે મુસીબતો પડતીતી સારા એવા કામના પ્રસંગે ઝડપથી પહોંચવાનું હોય ત્યારે પણ મુસીબતો પડતીતી ત્યારે ગ્રામ્યના લોકોને અને હળવદના તમામ વિસ્તારના લોકોને સરસ મજાની સુવિધા મળવાની છે કે અમારા પ્રયત્નો એવા છે બે વર્ષ કરતા ઓછા સમયમાં આ ઓવરબ્રિજ અંડરબ્રિજ પૂર્ણ થઈ જાય.)*

# STATE WEATHER UPDATE

રાજ્યમાં હાલ મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. આગામી સાત દિવસ તાપમાન યથાવત્ રહેવાની શક્યતા છે. દરમિયાન આગામી 19 તારીખે કેટલીક જગ્યાએ સામાન્ય વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

**(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AMDAVAD)**

***(अगले सात दिन की बात करें तो कोई विशेष बदलाव अधिकतम तापमान या मिनिमम तापमान न्यूनतम तापमान में नहीं आएगा और मछुआरों के लिए जो कोई अभी फिलहाल चेतावनी नहीं है लेकिन जो हवा की गति है वो लगभग 15 से 20 नॉट हमारे दोनों कोस्ट में रह सकती है।)***

# ASIAN GAMES BHAVINA PATEL

મહેસાણાનાં ભારતીય દિવ્યાંગ ખેલાડી ભાવિના પટેલે પાંચમી પેરા એશિયન ગેમ્સમાં કુવૈતનાં ખેલાડી અલરાશીદી અહાદને ત્રણ-શૂન્યથી મ્હાત આપી વિજયી પ્રારંભ કર્યો. જાપાનના નાગોયામાં આયોજિત પેરા ઍશિયન ગેમ્સમાં ભાવિના પટેલ પહેલા રાઉન્ડથી જ આગળ રહ્યાં હતાં. તેમણે કુવૈતનાં ખેલાડીને 11-6, 11-3, 11-6થી હરાવ્યાં છે.

હવે આવતીકાલે ભારતીય ખેલાડી ભાવિના પટેલ જોર્ડનનાં ખેલાડી એલિમાં ફતેન સામે ટકરાશે. ભારતીય સમય મુજબ, આવતીકાલે બપોરે બે વાગ્યેને 40 મિનિટે આ મેચ શરૂ થશે.